# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૧૦૭ | વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૮ | પાના - ૧૦ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 107 • Dt. 23-11-2024 Saturday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09

ભારત ક્યારેય સ્વાર્થ સાથે આગળ વધ્યું નથી: પીએમ મોદી



P.09

પુત્ર અને પુત્રવધૂના છૂટાછેડાની અફવા પર અમિતાભ બચ્ચન ગુસ્સે

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને જલ બોર્ડ પર રૂપિયા ૫૦ કરોડથી વધુનો દંડ ફટકાર્યો




09

23

NOVEMBER- 2024

SATURDAY



09

લેબનોન ઉપર વધુ એક વિનાશક ઇઝરાયેલ હુમલો | ૪૭ લોકો માર્યા ગયા


# 4 BHK
## HIGH-END
## LIVING SPACE

THE TWIN TOWERS



## અમારું સેમ્પલ હાઉસ જોયું ખરું?

## @ન્યુ નરોડા

75 676 676 71 | 72

શ્રી રાધે ક્રિષ્ના સર્કલ, આદિત્ય ઇન્ટરનેશનલ સ્કૂલ રોડ, 108 ઇમરજન્સી સેન્ટર, ન્યૂ નરોડા અમદાવાદ

For Location Scan QR code

Website: www.gujrera.gujarat.gov.in | REG. RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/**MAA09654/010122**

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## અમદાવાદ ડીઇઓનો મોટો નિર્ણય

# સુરતમાં અસામાજીક તત્વોને નાથવા ૧૬ ઘરમાં સર્ચ ઓપરેશન : પહેલીવાર ૪ ડ્રોનથી એરિયલ ચેકિંગ

### રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે

| પ્રતિનિધિ, સુરત,તા.૨૨ |

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને અસામાજિક પ્રવૃત્તિ-ગુનાખોરીને ડામવા પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે, જેમાં રાતના ૨થી સવારના ૫ વાગ્યા વાગ્યા દરમિયાન એકમાત્ર ભેસ્તાન વિસ્તારમાં ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ દ્વારા ચેકિંગ હાથ ધરાયું હતું. એમાં ૫૦ જેટલાં હિસ્ટ્રીશીટર લોકોના લિસ્ટ સાથે ૧૬૦૦થી વધુ ઘરોની તપાસ કરવામાં આવી હતી. તો ૪ ડ્રોનથી એરિયલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. આ ચેકિંગમાં દરમિયાન કેટલાક લોકોની અટકાયત પણ કરવામાં આવી હોવાનું ડીસીપીએ જણાવ્યું છે.સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને અસામાજિક પ્રવૃત્તિ અને ગુનાખોરીને ડામવા તેમજ ભેસ્તાન



વિસ્તારમાં રહેતાં અસમાજિક તત્ત્વો વિરુદ્ધમાં પગલાં લેવા માટે પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી છે. જેથી સુરત શહેરના ડિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુખ્યાત ભેસ્તાન આવાસ વિસ્તારમાં ડીસીપી ઝોન-૨ વિસ્તારના ડિંડોલી, લિંબાયત, ઉધના, ગોડાદરા, સલાબતપુરા પોલીસ સ્ટેશનોના કર્મચારીઓની અલગ-અલગ ૭ ટીમો બનાવી આજરોજ ૨૨ નવેમ્બરના સવારે ૨ વાગ્યાથી ૫ વાગ્યા દરમિયાન કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ પોતાની સાથે એક યાદી લઈને પહોંચી હતી, જેમાં આ વિસ્તારના ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોનાં નામ હતાં. ૫૦થી વધુ હિસ્ટ્રીશીટરની પૂછપરછ કરાઈ હતી.એટલું જ નહીં પોલીસે ચાર ડ્રોનની મદદથી વિસ્તારમાં શંકાસ્પદ જગ્યાઓ પર એરિયલ ચેકિંગ કર્યું હતું.ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, ભેસ્તાન આવાસ જે ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવે છે, ત્યાં કોમ્બિંગ રાખવામાં આવ્યું હતું. સવારે ૨ વાગ્યાથી અમે આ કોમ્બિંગ રાખેલું છે. આ કોમ્બિંગમાં ઝોનના તમામ પોલીસ ઓફિસરની ટીમ બનાવી છે. ૧૦૦થી વધુ અધિકારી અને કર્મચારીઓ ભેસ્તાન આવાસમાં ૧૬૦૦થી પણ વધારે મકાનોમાં કોમ્બિંગ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં જ્યાં હિસ્ટ્રીશીટર, એમસીઆર કાર્ડમાં રજિસ્ટર્ડ લોકોના ત્યાં તપાસ હાથ ધરી છે.સાથે તેઓએ જણાવ્યું હતું કે, આ ઉપરાંત અમે ચેકિંગમાં જોયું કે કોઈ પ્રતિબંધિત વસ્તુ છે કે નહીં.ખાસ કરીને આ વિસ્તારના એરિયલ વ્યૂ માટે, એરિયલ ચેકિંગ માટે ડ્રોનનો પણ ઉપયોગ કર્યો છે. આ સાથે અમે વાહન ચેકિંગ અને બહારની બાજુ આખો વિસ્તાર કોર્ડન કરી આખા વિસ્તાર ચેકિંગ હાથ ધર્યું હતું. કેટલાક લોકો મળી પણ આવ્યા છે, જેની પૂછપરછ અમે કરી રહ્યા છે. જે લોકો અમને નથી મળ્યા તેમને ત્યાં અમે આવનાર દિવસોમાં ચેકિંગ કરીશું. આ વિસ્તારના રહેવાસી હોવા છતાં તે સમયે આ લોકો ક્યાં હતા, તે અંગેની પણ પૂછપરછ અમે કરીશું.ચેકિંગ દરમિયાન કરાયેલી કામગીરીહથિયારધારા જાહેરનામાનો ભંગ કરતા કુલ ૫ શખસ વિરુદ્ધ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ કાયદેસરની કાર્યવાહી.કોમ્બિંગ દરમિયાન સુલેહ-શાંતિનો ભંગ કરે તેવાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધમાં કેસ કરી અટકાયતી પગલાંની કામગીરી કરાઈ.

## પોલીસની ટીમે બનાસકાંઠાના દાંતા તાલુકામાં ત્રણ બોગસ તબીબો ઝડપી પાડયા

| પ્રતિનિધિ, અંબાજી,તા.૨૨ |

હાલ રાજ્યમાંથી નકલી તબીબોની ધરપકડ કરવાની પ્રક્રિયા ચાલુ છે. ત્યારે એસઓજી અને આરોગ્ય વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમે રેડ કરી મોટા બામોદરા માંથી ત્રણ બોગસ તબીબોને ઝડપી લીધા છે.પોલીસે સ્થળ ઉપરથી ૯૯ હજારનો એલોપેથીક દવાનો જથ્થો જપ્ત કર્યો છે. આપણે જણાવી દઈએ હોસ્પિટલમાં કમ્પાઉન્ડરની નોકરી કર્યા પછી દાંતાના અંતરિયાળ વિસ્તારમાં ત્રણ શખ્સો ક્લિનિક ચલાવતા હતા . અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં ત્રણ મુન્ના ભાઈઓ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. અંબાજી તાલુકાના દાંતા કેમ્પ સમાંથી ડોકટરો તરીકે ઉભેલા ત્રણ નકલી તબીબો ઝડપાયા હતા. એસઓજી, આરોગ્ય વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. આ મુન્નાભાઈઓ લાંબા સમયથી દાંતા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ક્લિનિક ચલાવતા હતા.

## સૌરાષ્ટ્ર જતા વાહનચાલકોએ આ હાઈવે પર ટોલ ટેક્સ ભરવો પડશે

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૨ |

સૌરાષ્ટ્રના મોટા સેન્ટર સુધી પહોંચવા માટે અમદાવાદ ટુ રાજકોટના રસ્તો બહુ જ મહત્વપૂર્ણ ગણાય છે. અમદાવાદથી રાજકોટનો રસ્તો એ મુખ્ય ધોરી માર્ગ છે. ત્યારે હવે આ હાઈવે પર મોટા બદલાવ આવી રહ્યા છે. જે દરેક વાહન ચાલકે જાણી લેવા જરૂરી છે. જલ્દી જ આ હાઈવે સિક્સલેનમાં બદલાઈ જવાનો છે. જેને કારણે કેટલાક ટોલનાકા બંધ થવાના છે, અને કેટલાક નવા ટોલનાકા શરૂ થવાના છે. અમદાવાદથી રાજકોટ જતા પહેલું ટોલનાકું બાવળા પછી ૧૨ કિમી દૂર ભાયલા ગામ પાસે કોરોના કંપની પાસે બનાવાયુ છે.બીજું ટોલનાકું બગોદરા અને લીંબડી વચ્ચે ટોકરાળા ગામ પાસે, ત્રીજું ટોલનાકું ઢેઢુંકી ગામ પાસે (સાયલા-ચોટીલા વચ્ચે) તેમજ ચોથું ટોલનાકું માલિયાસણ ગામ (રાજકોટથી ૮ કિમી પહેલાં) બનાવવામાં આવ્યું છે.

## ગુજરાતની રાજનીતિમાં બે દિગ્ગજ શંકરસિંહ અને ભરતસિંહ કમબેક કરશે

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૨ |

ગુજરાતમાં હાલ ન તો વિધાનસભાની ચૂંટણી આવવાની છે, ન તો લોકસભાની. છતાં ગુજરાતના રાજકારણમાં મોટી હલચલ થઈ છે. આવતીકાલે વાવ વિધાનસભા પેટાચૂંટણીનું પરિણામ આવવાનું છે. આ વચ્ચે મોટી ખબર આવી છે. ગુજરાતના રાજકારણના બે જૂના જોગી ફરીથી એક્ટિવ થયા છે. ગુજરાતના રાજકારણમાં જેમના માટે ભૂતપૂર્વ લખાય છે તેવા શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકી રિ-એન્ટ્રી કરી રહ્યાં છે. જે ગુજરાતના રાજકારણમાં નવાજૂનીના સંકેત આપી રહ્યાં છે. શંકરસિંહ વાઘેલા માટે કહીએ તો તેઓ ક્યારેય રાજકારણમાંથી નિવૃત્ત થયા નથી તેવું કહી શકાય. તેઓ રાજકારણના લાંબી રેસના ઘોડા છે. ત્યારે તેમણે પોતાની નવી રાજકીય પાર્ટીની જાહેરાત કરી છે. તેમણે પોતાની નવી પાર્ટીનું નામ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી રાખ્યું છે. આ માટે ચૂંટણી ચિન્હ ભાલો ફાળવવામાં આવ્યું છે. થોડા સમય પહેલા તેમની અમિત શાહ સાથેની મુલાકાતે પણ રાજકીય ચર્ચા શરૂ કરી હતી. શંકરસિંહ વાઘેલાની રાજકીય સફર પર એક નજર કરીએ તો, ૧૯૯૬ માં ભાજપમાંથી અલગ થયા બાદ શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રીય જનતા પાર્ટી બનાવી હતી, બાદમાં તેનું કૉંગ્રેસમાં વિલિનીકરણ કરી દીધું હતું.

## ગુજરાત હાઈકોર્ટની ટકોર

# ‘ભગવદ્ ગીતા’ ધાર્મિક ગ્રંથ નહીં, ‘ભારતીય સંસ્કૃતિ’ અને સભ્યતા છે

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ |

ગુજરાતની શાળાઓમાં પ્રાર્થના વગેરેના સમયે ભગવદગીતાના શ્લોક ઉમેરવાના મુદ્દે થયેલી એક જાહેરહિતની અરજીમાં એક વધારાની અરજીની સુનાવણી ગુરુવારે હાઈકોર્ટ સમક્ષ થઈ હતી. જે સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એવી મર્મસ્પર્શી ટકોર કરી હતી કે,‘‘ભગવદ્ગીતા’ માત્ર એક ધાર્મિક ગ્રંથ નહીં પરંતુ ‘ભારતીય સંસ્કૃતિ’ અને સભ્યતાનો ભાગ છે. જેમાં નિહિત સિદ્ધાંતો નૈતિક મૂલ્યો જ શીખાવે છે. તેથી ભગવદગીતા એ એક રીતે ‘મોરલ સાયન્સ’ એટલે કે ‘નૈતિક વિજ્ઞાન’ જ છે.’હાઈકોર્ટની ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે આપણે વર્ષોથી પાશ્ચાત્ય દુનિયાના



નૈતિકતાના પાઠ ભણીએ જ છીએ. હાઈકોર્ટે એવી ટકોર પણ કરી હતી કે,‘ભગવદ્ગીતાનો મૂળ ભાવ છે કે ‘કર્મ કર ફલ કી ઈચ્છા મત કર’. આ નૈતિકતાનો સિદ્ધાંત છે, એના કરતાં વધુ નથી. અરજદારની જે રિટ અરજી છે કે એ માત્ર પ્રોપેગન્ડાથી વધુ કંઈ જ નથી. હાઈકોર્ટ આવા મામલે આદેશ કરી શકે નહીં. નેશનલ પોલિસીથી વિરૂદ્ધનું એમાં કંઈ જ નથી. જો તમે આ મામલે દલીલ કરો તો અમે આજે જ આ કેસનો નિર્ણય કરી શકીએ છીએ.’અરજદાર તરફથી આ મામલે કોઈ તારીખ આપવાની દલીલ કરવામાં આવી હતી, તેથી હાઈકોર્ટે એક મહિના પછી મુખ્ય કેસની સુનાવણી મુકરર કરી છે. અરજદારે વધારાની અરજીમાં એવી દલીલ કરી હતી કે,કોર્ટે આ મામલે આદેશ કરીને રાજ્ય સરકારને જવાબ રજૂ કરવાનું કહ્યું હતું પરંતુ સરકારે કોઈ જવાબ જ આપ્યો જ નથી.

## કોડીનારમાં લુખ્ખાતત્વો બેફામ, વેપારી પર છરી અને તલવારથી હુમલો

| પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૨૨|

ગીર સોમનાથ જિલ્લામાં અસામાજિક તત્વોને કાયદાનો ડર નથી રહ્યો તેમ લાગી રહ્યું છે. જેમાં જિલ્લાના કોડીનારમાં લુખ્ખાતત્વોએ વેપારી પર છરી અને તલવારથી હુમલો કર્યો હતો. જેમાં દુકાનમાં અને વેપારીના ઘરની બહાર જઈને હુમલો કરતી ઘટનાના સીસીટીવી સામે આવ્યા હતા.રાજ્યમાં દિવસેને દિવસે લુખ્ખા તત્વો દ્વારા કરવામાં આવતા આતંકની ઘટનાઓમાં વધારો થયો છે. જેમાં અમદાવાદ, રાજકોટ, સુરત જેવી જગ્યાઓ પર અસામાજિક તત્વો દ્વારા મારામારી તોડફોડ અને હત્યા પણ કરવામાં આવી રહી છે.ત્યારે સમગ્ર ઘટનાને પોલીસ તંત્ર દ્વારા કોઈ કામીગીરી કરવામાં ન આવતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આ ઘટનામાં પણ અસામાજિક તત્વોએ વેપારી પર હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનામાં કોડીનાર પોલીસે પાંચ શખ્શોની ધરપકડ કરી છે.કોડીનારમાં કાયદો વ્યવસ્થાની સ્થિતી કથળતી હોયે તેમ લાગી રહ્યું છે.

## નાલંદામાં ૧૩ વર્ષની બાળકી પર બે બદમાશોએ તેના ઘરમાં ઘૂસીને સામૂહિક બળાત્કાર કર્યો

| પ્રતિનિધિ, નાલંદા,તા.૨૨ |

નાલંદા જિલ્લાના એક ગામમાં બે બદમાશોએ પહેલા ૧૩ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કાર કર્યો અને બાદમાં તેની હત્યા કરવાના ઈરાદે તેને ઝેર પીવડાવ્યું. બાળકીને નજીકના ખાનગી ક્લિનિકમાં સારવાર આપવામાં આવી રહી છે. તે જ સમયે, પોલીસે એક આરોપીની ધરપકડ કરીને તેને જેલમાં મોકલી દીધો છે.નાલંદા જિલ્લાના રાહુઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે. ઘટના સમયે બાળકીની માતા બજારમાં ગઈ હતી. યુવતી ઘરે એકલી હતી. આનો ફાયદો ઉઠાવીને બે બદમાશો યુવતીના ઘરમાં ઘૂસી ગયા હતા. બદમાશોએ પહેલા બાળકી પર સામૂહિક બળાત્કાર કર્યો અને બાદમાં તેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો. બાળકી પર બળાત્કાર કર્યા બાદ બદમાશોએ તેને બળજબરીથી ઝેર પીવડાવ્યું હતું.



## એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડયું

# ભુજમાં હાથીદાંતની બંગડીઓ વેચવાનું કારસ્તાન ઝડપાયું । ત્રણ ઈસમોની ધરપકડ કરવામાં આવી

**વર્ષોથી બજાર વિસ્તારમાં બેંગલ્સની દુકાન છે, ત્યારે હાલ આ ઘટનામાં હાથીદાંત ક્યાંથી આવ્યા તે એક પ્રશ્ન છે**

। પ્રતિનિધિ,ભુજ, તા.૨૨ ।

ભુજ શહેરમાં આવેલ ડાડા બજારમાં ચોરી છુપી રીતે હાથીદાંતની બંગડીઓ વેચાણ કરવાનું કારસ્તાન એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડયું છે.આ બનાવમાં ચાર ઈસમોના નામ ખુલવા પ મ્યા છે.જેમાં ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે ૧૦ પ કી ૭ બંગડી હાથીદાંતની હોવાનું ખુલવા પામ્યું છે.જાણવા મળતી વિગતો મુજબ બજાર વિસ્તારમાં મણીયાર બેંગલ્સ નામની દુકાનમાં હાથીદાંતની બંગડીઓ બનાવાય છે તેવી બાતમી મળતા પોલીસ ટિમ સ્થળ પર જઈને આસીમ અહમદ મણીયાર હાજર હતો. દુકાનના ટેબલના ખાનામાં નાની મોટી જાડી સાઈઝની હાથીદાંતની બંગડી નંગ ૧૦ મળી આવી હતી.ભુજ એ ડિવિઝન પોલીસ મથકે ભુજના સોનીવાડ વિસ્તારમાં આવેલ મુનશી શેરીમાં રહેતા આસીમ અહમદ મણીયાર,અહમદ સુલેમાન મણીયાર,અલ્તાફ અહમદ મણીયાર,અઝરૂદીન નિઝામૂદીન મણીયારને લઈ જવાયા હતા.જ્યાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસના દરોડા દરમિયાન સ્થળ પર પશુ ચિકિત્સક ડો. દીક્ષિત પરમારને બોલાવાયા હતા.અને ૧૦ બંગળીના સેમ્પલો લેવાયા હતા.આ સેમ્પલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી રાજકોટ મોકલવામાં આવ્યા હતા જેમાં ૧૦ પૈકી ૭ બંગડી હાથી દાંતની હોવાનું બહાર આવવા પામ્યું હતું. જેની અંદાજીત કિંમત એક લાખની હોવાનું જાણવા મળે છેએસ.પી. વિકાસ સુંડાના જણાવ્યા પ્રમાણે ૭ બંગડી હાથીદાંતની છે જે ક્યાંથી આવી હતી.તે તપાસ ચાલી રહી છે તેમજ આગળની કાર્યવાહી માટે વન વિભાગને તપાસ સોંપવામાં આવશે આ બનાવમાં વાઈલ્ડ લાઈફ એક્ટ મુજબ કાર્યવાહી વન વિભાગ દ્વારા કરવામાં આવશે .હાલ આ સમગ્ર બનાવમાં પ્રતિબંધિત હાથીદાંત ક્યાંથી આવ્યા તે એક સવાલ છે. વર્ષોથી બજાર વિસ્તારમાં બેંગલ્સની દુકાન છે.ત્યારે હાલ આ ઘટનામાં હાથીદાંત ક્યાંથી આવ્યા તે એક પ્રશ્ન છે.આ બનાવમાં ઊંડાણપૂર્વક તપાસ થશે તો અનેકના પગ નીચે રેલો આવવાની શક્યતા છે..



## આડેધડ લાગતા હોર્ડિંગ્સ પર પ્રતિબંધ, દંડની જોગવાઇ

# ગાંધીનગર શહેરમાં સામાન્ય સભામાં આઉટડોર એડવર્ટાઈઝમેન્ટ પોલિસી મંજૂર કરવામાં આવી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં આઉટડોર એડવર્ટાઈઝમેન્ટ પોલિસી મંજૂર કરવામાં આવી હતી. જેથી હવે શહેરના માર્ગો અને બિલ્ડીંગો ઉપર આડેધડ લાગતા હોર્ડિંગ્સ અને બેનર ઉપર રોક લગાવી શકાશે. હવે કોઈપણ સ્થળે જાહેરાત કરવા માટે કોર્પોરેશનની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. જોકે સરકારી વિભાગોને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.પાટનગર હોવા છતાં ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગોની આસપાસ આડેધડ મસ મોટા હોર્ડિંગ્સ અને બેનર લગાવી દેવામાં આવતા હતા. જેના કારણે શહેરની સુંદરતા બગડતી હોવાની સાથે માર્ગ સલામતીને પણ જોખમ ઊભું થયું હતું ત્યારે આ મામલે છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન દ્વારા આઉટડોર એડવર્ટાઈઝમેન્ટ પોલિસી તૈયાર કરવામાં આવી રહી હતી. જેને સ્થાયી સમિતિ બાદ આજે મેયર મીરાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં રજૂ કરવામાં આવી હતી.જે પોલિસીને સભા દ્વારા મંજૂર કરી દેવામાં આવી છે. જેમાં હવે હોર્ડિંગ્સ, બેનર, કિઓસ્ક કે વાહનો પર કરવામાં આવતી જાહેરખબરો માટે પણ મહાનગરપાલિકાની મંજૂરી લેવી પડશે. જેની નિયત ફી પણ મહાનગરપાલિકાને ચૂકવવી પ ડશે. ક્યા સ્થળોએ હોર્ડિંગ્સ લગાવી શકાશે.

# મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

। પ્રતિનિધિ,લુણાવાડા, તા.૨૨ ।

મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે. લુણાવાડાના છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ લટકતચી હાલતમાં મળી આવ્યો હતો. તપાસમાં બાબા સાહેબ આંબેડકર ભવન ખાતેથી યુવાનનો મૃતદેહ મળ્યો હોવાનું બહાર આવ્યું છે.પ્રાથમિક તપાસમાં અગમ્ય કારણોસર યુવકે આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ અંગે લુણાવાડા પ ોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને જાણ કરાતા લુણાવાડા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. તપાસમાં કુમાર છાત્રાલયમાં ફરજ દરમિયાન યુવકે જીવન ટુંકાવ્યું હોવાનું બહાર આવ્યું છે. બીજીતરફ પોલીસે આ યુવકે આપઘાત કર્યો છે કે તેની હત્યા થઈ છે તે અંગે તપાસ હાથ ધરી છે. મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે.










Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


CMYK

રાજસ્થાન હાઈકોર્ટે

# અભિનેત્રી શિલ્પા શેટ્ટી સામેના ક્રિમિનલ કેસને રદ કર્યો



રાજસ્થાન હાઈકોર્ટે અભિનેત્રી શિલ્પા શેટ્ટી સામેના ક્રિમિનલ કેસને રદ કર્યો છે. શિલ્પા શેટ્ટી વિરુદ્ધ SC-ST એક્ટ હેઠળ આ કેસ નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૭માં શેટ્ટી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આમાં તેના પર આરોપ છે કે તેણે ૨૦૧૩માં ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં ‘આપતી જનક શબ્દ’ શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ દરમ્યાન અભિનેતા સલમાન ખાન પણ હાજર હતો.પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આ શબ્દના ઉપયોગથી કથિત રીતે વાલ્મિકી સમાજના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી હતી. આ પછી શેટ્ટીએ આ મામલાને ખતમ કરવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જસ્ટિસ અરુણ મોંગાએ અરજી પર સુનાવણી કરી હતી. તેમણે કહ્યું કે FIR અને એકત્ર કરાયેલા પુરાવામાં એવો કોઈ સંકેત નથી કે શિલ્પા શેટ્ટી વાલ્મિકી સમુદાયને બદનામ કરવાનો કે અપમાનિત કરવાનો ઈરાદો ધરાવે છે.કોર્ટે કહ્યું કે ઈન્ટરવ્યુમાં આપેલા તેમના નિવેદનને સંપૂર્ણપણે સંદર્ભ બહાર અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. ST-SC એક્ટ હેઠળ, આરોપીએ ચોક્કસ ઈરાદા સાથે સમુદાયના સભ્યોને અપમાનિત કરવા અને નુકસાન પહોંચાડવાના કૃત્યો કર્યા હોવા જોઈએ. ‘આપતી જનક શબ્દ’ કેટલાક સંદર્ભોમાં અપમાનજનક હોઈ શકે છે, પરંતુ તેનો ઉપયોગ અજાણતા અને વૈકલ્પિક રીતે બોલચાલની વાણીમાં પણ થઈ શકે છે.કોર્ટે શબ્દની વ્યુત્પત્તિનું વિશ્લેષણ કર્યું અને જાણવા મળ્યું કે તે સંસ્કૃત શબ્દ ‘ભાંગ’ પરથી ઉતરી આવ્યો છે, તેનો અર્થ “તૂટેલી” અથવા “વિચ્છેદ” પણ થાય છે. અન્ય સંદર્ભમાં, ભાંગ અથવા નશો પણ થાય છે, તેથી જે વ્યક્તિ ભાંગનું સેવન કરે છે તેને આ નામથી ઓળખાય છે.ઓક્સફર્ડ હિન્દીથી અંગ્રેજી શબ્દકોશ મુજબ, આ શબ્દનો અર્થ એવો પણ થાય છે.

# શ્વેતા તિવારીએ ૮ વર્ષ નાના એક્ટર સાથે કરી લીધા લગ્ન ?

વેડિંગ કપલ ફોટો થયો વાયરલ



એક્ટ્રેસ શ્વેતા તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. તેણે બે લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. શ્વેતાના છૂટાછેડા થઈ ગયા છે અને હવે તે પોતાના બે બાળકો અને કેરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ શ્વેતાનો એક ફોટો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જે બાદ તેના ત્રીજા લગ્નની અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે.ફોટામાં, શ્વેતા દુલ્હનના પોશાકમાં સજ્જ જોવા મળે છે અને તે અભિનેતા વિશાલ આદિત્ય સિંહ સાથે લગ્ન કરતી જોવા મળે છે, જે તેના કરતા ૮ વર્ષ નાના છે. શ્વેતા અને આદિત્યએ કલર કોઓર્ડિનેટેડ પોશાક પહેર્યા છે અને તેમના ગળામાં સફેદ ગુલાબની માળા છે. શ્વેતાની માંગમાં સિંદૂર પણ દેખાય છે. પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તે નથી.વાસ્તવમાં, આ એક મૉર્ફ કરેલો/બનાવટી ફોટો છે. આ વાસ્તવિક ફોટો અભિનેત્રી સ્વરા ભાસ્કરના સમાજવાદી પાર્ટીના નેતા ફહાદ અહેમદ સાથેના લગ્નના રજિસ્ટ્રેશનનો ફોટો છે. આ ફોટો પર કોઈએ વિશાલ આદિત્ય સિંહ અને શ્વેતા તિવારીના ચહેરાને એડિટ કર્યો છે. શ્વેતા અને વિશાલના લગ્નનો આ ફોટો સાવ ખોટો છે.શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહ સારા મિત્રો છે. તે ખતરોં કે ખિલાડીમાં પણ જોવા મળ્યો હતો. તેમના અફેર વિશે અફવાઓ પણ ફેલાઈ ચૂકી છે. પરંતુ કલાકારોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે અને તેનાથી વધુ કંઈ નથી. બંનેએ બેગુસરાયમાં પણ સાથે કામ કર્યું હતું.શ્વેતાની વાત કરીએ તો તેના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા.

# ટ્રાફિક ભંગ થતો જોઈ બિગ બી એન્ગ્રી યંગ મેન બની જાય છે

અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી



અભિષેક બચ્ચનની ફિલ્મ ‘આઈ વોન્ટ ટુ ટોક’ આવી રહી છે, જે શુજિત સરકાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મના પ્રમોશન માટે અભિષેક, શુજિત તેમજ ફિલ્મના લેખક અર્જૂન સેન કૌન બનેગા કરોડપતિ ૧૬ના સેટ પર આવવાના છે. આ એપિસોડ અમિતાભ અને અભિષેક સાથે મળીને હોસ્ટ કરવાના છે. આ એપિસોડમાં અભિષેકે જણાવ્યું હતું કે, ટ્રાફિક ભંગ થતો જોઈને બિગ બી એન્ગ્રી યંગ મેન જેવા બની જાય છે. સોની દ્વારા આ એપેસિડનો પ્રોમો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં અમિતાભ અને અભિષેકને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કાર કોણ સારી રીતે ડ્રાઈવ કરે છે. ત્યારે અમિતાભ તરત જ હાથ ઊંચો કરે છે. આ વખતે અભિષેકે હાથ લાંબો કરીને કહ્યું, “પા, પ્લીઝ.” ઓડિયન્સ સાથે વાત કરતાં અભિષેકે કહ્યું, “એ ગાડી ઓછી ચલાવશે અને બીજાને ટોકશે વધારે. કોઈ ખોટા રસ્તેથી આવી ગયું, ફોન કાઢીને એમનો ફોટો લેશે. કહેશે, “ટ્રાફિક પોલિસને મોકલીશ કે આ લાઈટ તોડીને નીકળી રહ્યો છે.” અને એ વિચારવા લાગે છે, “અરે અમિતાભ બચ્ચન તો મારી સેલ્ફી લઈ રહ્યા છે.”’’આ પોસ્ટની કૅપ્શનમાં સોનીએ લખ્યું હતું, “એબી પણ દેશના બીજા પિતાઓ જેવા જ છે.” ૧૨ ઓગસ્ટથી કેબીસીની નવી સિરીઝ શરૂ થઈ છે. અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી. જો ફિલ્મોની વાત કરવામાં આવે તો અમિતાભ છેલ્લે રજનીકાંત સાથે ‘વૈત્તેયાં’માં કામ કર્યું હતું. જ્યારે અભિષેક હવે શ્રુજિત સરકારની ‘આઈ વોન્ટ ટુ ટોક’માં જોવા મળશે.

## રણવીર- દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફ્લેટ ભાડે લીધો



દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફ્લેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફ્લેટ લીધો છે. ભાડે લીધેલો ફ્લેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે. આ ફ્લેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાએને રણવીરે આ ફ્લેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફ્લેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે. મુંબઈના પ્રભાદેવીની બિલ્ડિંગમાં એક ફ્લેટ ખરીદેલો છે, બીજા માટે મહિને સાત લાખ ભાડું આપશે.

# કંગનાએ શાહરુખના દીકરા આર્યનના વખાણ કર્યા

નીપોટિઝમની કટ્ટર વિરોધી

ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગેની ચર્ચા શરૂ કરવાનો અને નેપોકિડ્ઝ શબ્દપ્રયોગને જાણીતો કરવાનો શ્રેય મહદંશે કંગના રણૌતને જાય છે. તે હંમેશા આ બાબતે પોતાનો વિરોધ પ્રદર્શિત કરતી રહી છે. તેમજ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા લોકોને એટલે કે આઉટસાઈડર્સને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે અંગે પોકારી પોકારીને કહેતી રહી છે. પરંતુ હવે જાણે તેણે પોતાનું વલણ બદલ્યું છે. શાહરુખની દિકરી સુહાના ખાન બાદ હવે દિકરો આર્યન ખાન પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે.મંગળવારે નેટફ્લિક્સ દ્વારા એક નવી સિરીઝની જાહેરાત કરવામાં આવી છે. જે શાહરુખના રેડ ચિલિઝ એન્ટરટેઈન્મેન્ટ બેનર હેઠળ ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. હજુ આ સિરીઝનું નામ જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ મહત્વની વાત એ છે કે આ સિરીઝ શાહરુખના દિકરા આર્યન ખાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ અંગે ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિભાવો આપ્યા હતા. તેમાંથી કંગનાના પ્રતિભાવે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. આ અનાઉન્સમેન્ટ બાદ કંગના રણૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી હતી અને લખ્યું હતું, “ફિલ્મ પરિવારમાંથી આવતા બાળકો મેક અપ કરીને વજન ઘટાડીને તૈયાર થઈને પોતાની જાતને એક્ટર માને તેના કરતાં આ બધાંથી પરે જાય એ બહુ સારી વાત છે.”આર્યને જે પ્રકારની કૅરિઅર પસંદ કરી છે તે અંગે વખાણ કરતાં કંગનાએ લખ્યું, “આપણે એકસાથે મળીને ભારતીય સિનેમાના ધોરણોનું સ્તર ઉપર લઈ જવાની જરૂર છે, તેની હાલ ખાસ જરૂર છે. જેમની પાસે બધી જ સુવિધાઓ છે, તેઓ મોટાભાગે સરળ રસ્તો અપનાવી લે છે.




# ‘પુષ્પા ૨’ના ટ્રેલરનો ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ

છેલ્લાં ઘણા સમયથી ‘પુષ્પા ૨’ની રાહ જોવાઈ રહી છે, અંતે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે. થોડાં જ કલાકોમાં લાખો લોકોએ આ ટ્રેલર જોઈ લીધું હતું અને અડધા દિવસમાં તો આ ટ્રેલરે આંધી અને તોફાન મચાવી દીધાં હતાં. તેથી તે વ્યૂઅરશિપના રેકોર્ડ તોડે તે અપેક્ષિત તો હતું જ અને એવું જ થયું. પુષ્પાનું ટ્રેલર આવતાવેંત છવાઈ ગયું અને ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂનો રેકોર્ડ તોડી નાંખ્યો.પટનાના ગાંધી મેદાનમાં આ ટ્રેલર લૉંચની ઈવેન્ટ યોજાઈ હતી. તો બીજી તરફ યૂટ્યુબ પર ટ્રેલર છવાઈ ગયું હતું, લૉંચ થતાંની સાથે વાયરલ થઈ ગયું હતું. જોકે, ઘણા લોકો આ ટ્રેલરને સામાન્ય પણ ગણાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકોને તેમાં કોઈ ખાસ મજા આવી નથી. તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકો એવા છે, જેને ટ્રેલર જોઈને મજા આવી ગઈ છે. ૨૪ કલાકમાં આ ટ્રેલરને ૧૦૨ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ સાથે તે ૧૦૦ મિલિયનનો આંકડો પાર કરનાર ફિલ્મોની યાદીમાં આવી ગઈ છે. બધી જ ભાષાઓમાં હિન્દી ટ્રેલરને સૌથી વધુ ૪૯ મિલિયન વ્યૂ મળ્યા છે. તેલુગુ ટ્રેલરને ૪૪ મિલિયન વ્યૂ અને તમિલ ટ્રેલરને ૫.૨ મિલિયન તેમજ કન્નડા – મલિયાલમ ટ્રેલરને ૧.૯ મિલિયન વ્યૂઝ મળ્યા છે.આ વ્યૂઝ સાથે ‘પુષ્પા ૨’નું ટ્રેલર સૌથી વધુ જોવાયેલા ટ્રેલરમા ત્રીજા ક્રમે પહોંચી ગયું છે.



# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફૅન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું,“જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# અનુરાગની મ્યુઝિકલ લવ સ્ટોરીમાં શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી

‘ભૂલભુલૈયા ૩’માં કામ કરી ચૂક્યા હોવાથી ફ્રેશ જોડી દર્શાવવા લેવાયો નિર્ણય

અનુરાગ બાસુ એક રોમેન્ટિક અને મ્યુઝિકલ લવ સ્ટોરી બનાવી રહ્યા હોવાના અહેવાલો છેલ્લાં ઘણા વખતથી આવી રહ્યા છે. ત્યારે હવે આ ફિલ્મ અંગે નવી અપડેટ આવી છે. પહેલાં આ ફિલ્મમાં કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરી લીડ રોલ કરવાના હતા. હવે નવા અહેવાલો અનુસાર હવે શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી છે. લોકો કાર્તિક અને તૃપ્તિને ‘ભૂલભુલૈયા ૩’માં જોઈ ચૂક્યા છે, તેથી અનુરાગ બાસુ અને ફિલ્મના પ્રોડ્યુસર ભુષણ કુમારે લોકોને એક નવી અને તાજગીસભર જોડી બતાવવા માટે આ નિર્ણય લીધો છે.એવી ચર્ચા છે કે આ ‘આશિકી ૩’નું જ એક વર્ઝન છે, પરંતુ મુકેશ ભટ્ટ સાથે ફિલ્મના અધિકારો અંગે વિવાદ થતાં આ ફિલ્મને અલગ મ્યુઝિકલ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ માટે યાદગાર ગીતો આપવા માટે જાણીતા પ્રિતમ દ્વારા સંગીત તૈયાર કરવામાં આવી રહ્યું છે, એવા ગીતો કમ્પોઝ કરી રહ્યા છે જે ફિલ્મની ભાવનાત્મક બાજુની તીવ્રતાને પણ અનુરૂપ થઈ શકે. આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થવાનું હોવાની ચર્ચા છે. ત્યાં સુધી કાર્તિક અને શર્વરી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચશે અને ફિલ્મ માટે વર્કશોપ કરીને રોલની તૈયારીઓ કરશે. આ બંને કલાકારો ફિલ્મ કરવા માટે ઉત્સુક છે તેમજ દર્શકોને તરોતાજા રોમેન્ટિક ફિલ્મ આપવા તૈયાર છે. આ પહેલાં અનુરાગ બાસુ તેમની ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’નું કામ પૂરું કરશે, જેમાં આદિત્ય રોય કપુર, સારા અલી ખાન અને પંકજ ત્રિપાઠી જેવા કલાકારો કામ કરી રહ્યાં છે.



A Project By
GIRIVAR
BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,
પ્રાઈમ લિવિંગ
@ NEW SHAHIBAUG

Sreevas
3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN
FOR LOCATION

નિકાસ ક્ષેત્રને ક્રેડિટ ઇન્શ્યોરન્સ,નાણાકીય પ્રોત્સાહન આપશે

# ટ્રમ્પના ટ્રેડવોરનો સામનો કરવા ચીને સંખ્યાબંધ પગલાં જાહેર કર્યા

## નવા પગલાંઓમાં સ્પેશ્યાલિટી કૃષિ પ્રોડક્ટ્સ અને અન્ય કોમોડિટી સહિત નિકાસના વિસ્તરણનો સમાવેશ થાય છે


। બેઇજિંગ, તા.૨૨ ।

અમેરિકામાં આગામી ટ્રમ્પ સરકારના સંભવિત ઊંચા ટેરિફનો સામનો કરવા ચીને ગુરુવારે તેના નિકાસ ક્ષેત્રને સમર્થન આપવા માટે સંખ્યાબંધ નવા નીતિવિષયક પગલાંની જાહેરાત કરી હતી. અમેરિકી પ્રમુખ તરીકે ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અગાઉના કાર્યકાળમાં ચાઈનીઝ નિકાસ પર શ્રેણીબદ્ધ ટેરિફ લાદીને ચીન સામે વેપાર યુદ્ધ શરૂ કર્યું હતું. નવી ટર્મમાં પણ ટ્રમ્પે ચીની પ્રોડક્ટ્સ પર આશરે ૬૦ ટકા ડ્યૂટી લાદવાની ચીમકી આપેલી છે. નવ મુદ્દાના દસ્તાવેજમાં ચીનના વેપાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ નવા પગલાંથી ચીની કંપનીઓને ગેરવાજબી વિદેશી વેપાર પ્રતિબંધોનો સામનો કરવામાં અને નિકાસ માટે સારું વિદેશી વાતાવરણ બનાવવામાં મદદ મળશે. નવા પગલાંમાં વિદેશી વેપાર કરતી કંપનીઓ માટે એક્સપોર્ટ ક્રેડિટ ઈન્શ્યોરન્સનો વિસ્તાર કરવાના અને વધુ નાણાકીય સપોર્ટનો સમાવેશ થાય છે. મંત્રાલયે સીમા પારના ઈ-કોમર્સને મજબૂત બનાવવા માટે પણ હાકલ કરી હતી, જે દેશના અર્થતંત્રમાં એક ચમકતો તારલો બન્યો છે. નવા પગલાંઓમાં સ્પેશ્યાલિટી કૃષિ પ્રોડક્ટ્સ અને અન્ય કોમોડિટી સહિત નિકાસના વિસ્તરણનો સમાવેશ થાય છે. આની સાથે મહત્ત્વના ઈક્વિપમેન્ટ અને એનર્જા સંસાધનોની આયાતને સમર્થન આપવામાં આવ્યું છે. કર્મચારીઓના વિનિમયને વધુ સરળ બનાવવા માટે વિઝા-મુક્ત પ્રવેશ પદ્ધતિને વ્યવસ્થિત રીતે વિસ્તૃત બનાવાશે. અમેરિકામાં આગામી ટ્રમ્પ સરકારના સંભવિત ઊંચા ટેરિફનો સામનો કરવા ચીને ગુરુવારે તેના નિકાસ ક્ષેત્રને સમર્થન આપવા માટે સંખ્યાબંધ નવા નીતિવિષયક પગલાંની જાહેરાત કરી હતી. નવી ટર્મમાં પણ ટ્રમ્પે ચીની પ્રોડક્ટ્સ પર આશરે ૬૦ ટકા ડ્યૂટી લાદવાની ચીમકી આપેલી છે.

કેરેબિયન દેશ ગુયાનાની સંસદમાં પીએમ નરેન્દ્ર મોદીનું ઐતિહાસિક સંબોધન

# ભારત ક્યારેય સ્વાર્થ સાથે આગળ વધ્યું નથી, લોકશાહી અમારા ડીએનએમાં: પીએમ મોદી

## પીએમ મોદીએ કહ્યું કે, 'ગુયાના સાથે મારો ગાઢ સંબંધ છે બંને દેશ વિશ્વમાં લોકશાહીને મજબૂત કરી રહ્યા છે, હું ગુયાનાની સંસદમાં ૧૪૦ કરોડ ભારતીયો વતી અભિનંદન આપું છું



। જ્યોર્જટાઉન, તા.૨૨ ।

કેરેબિયન દેશ ગુયાનાની સંસદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક સંબોધન આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, 'ગુયાના સાથે મારો ગાઢ સંબંધ છે. બંને દેશ વિશ્વમાં લોકશાહીને મજબૂત કરી રહ્યા છે. હું ગુયાનાની સંસદમાં ૧૪૦ કરોડ ભારતીયો વતી અભિનંદન આપું છું'પીએમ મોદીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક કહ્યું કે, "આજે વિશ્વની સામે આગળ વધવાનો સૌથી મજબૂત મંત્ર છે - લોકશાહી પ્રથમ, માનવતા પ્રથમ. લોકશાહી પ્રથમની ભાવના આપણને શીખવે છે કે સૌને સાથે લઈને ચાલો, સૌને સાથે લઈને સૌના વિકાસમાં સહભાગી બનો. માનવતા પ્રથમ - ની ભાવના આપણા નિર્ણયોની દિશા નક્કી કરે છે. જ્યારે માનવતા પ્રથમ - નિર્ણયોનો આધાર બને છે તો પરિણામ પણ માનવતાના હિતમાં આવે છે."પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "ભારત ક્યારેય વિસ્તારવાદની ભાવનાથી આગળ વધ્યું નથી. સંસાધનો પર કબજો કરવાની ભાવનાથી ભારત હંમેશા દૂર રહ્યું છે. આજે ભારત શાંતિના પક્ષમાં ઊભું છે. આ ભાવનાની સાથે આજે ભારત ગ્લોબલ સાઉથનો પણ અવાજ બન્યું છે."ડોમિનિકા અને ગુયાનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યા છે. ગુયાનાએ 'ધ ઓર્ડર ઓફ એક્સેલન્સ'થી સન્માનિત કર્યા છે. ડોમિનિકાએ કોરોના સમયે કેરેબિયન દેશોમાં તેમના યોગદાન અને ભારત-ડોમિનિકાની વચ્ચેની દ્વિપક્ષીય ભાગીદારીને વધારવા માટેના તેમના સમર્પણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સર્વોચ્ચ પુરસ્કાર 'ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર'દ્વારા સન્માનિત કર્યા છે. કેરેબિયન દેશ ગુયાનાની સંસદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક સંબોધન આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, 'ગુયાના સાથે મારો ગાઢ સંબંધ છે. બંને દેશ વિશ્વમાં લોકશાહીને મજબૂત કરી રહ્યા છે. નિર્ણયોનો આધાર બને છે તો પરિણામ પણ માનવતાના હિતમાં આવે છે.

## ન્યૂઝ બ્રિફ



અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય છેલ્લા એક વર્ષથી હેડલાઇન્સમાં

### પુત્ર અને પુત્રવધૂના છૂટાછેડાની અફવા પર અમિતાભ બચ્ચન ગુસ્સે

। મુંબઇ, તા.૨૨ ।

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય છેલ્લા એક વર્ષથી હેડલાઈન્સમાં છે. તેમના અલગ થવા અને છૂટાછેડાની અફવાઓ દરરોજ ફેલાઈ રહી છે. સમગ્ર બચ્ચન પરિવાર આ મામલે લાંબા સમયથી મૌન સેવી રહ્યો હતો. અભિષેક અને ઐશ્વર્યા રાય પણ આ મામલે કંઈપણ કહેવાનું ટાળતા હતા, પરંતુ હવે લાગે છે કે તમામ હદ વટાવી ગઈ છે અને બચ્ચન પરિવારની ધીરજ તૂટી ગઈ છે. અમિતાભ બચ્ચને આ મામલે પોતાનું મૌન તોડ્યું છે અને પરિવારના સૌથી મોટા હોવાને કારણે તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકી દીધું છે. અમિતાભ બચ્ચને સ્પષ્ટ કર્યું છે કે જે વાતો પર ચર્ચા થઈ રહી છે તે કોઈપણ તથ્ય વગરની છે અને સંપૂર્ણ રીતે ખોટી છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે લોકો આવું કેમ કરી રહ્યા છે. અભિનેતાએ તેના બ્લોગમાં તમામ બાબતો લખી છે, જેમાં તેણે પોતાનું દિલ ઠાલવ્યું છે.



### નાના પાટેકર એક્ટિંગમાંથી નિવૃત્તિ નહીં લે

। મુંબઇ, તા.૨૨ ।

નાના પાટેકરને સિનેમાની દુનિયાના સૌથી તેજસ્વી અભિનેતા માનવામાં આવે છે. તેઓ દાયકાઓથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે. તેનામાં હજુ પણ કામ કરવાનો ઉત્સાહ છે. નાના પાટેકર પોતાની ફિલ્મ વનવાસથી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહ્યા છે. તે પોતાની ફિલ્મના પ્રમોશન માટે ઘણી જગ્યાએ જઈ રહ્યો છે.એક વાતચીતમાં અનિલ કપૂરે નાના પાટેકરને પૂછ્યું કે શું તે ફિલ્મોમાંથી નિવૃત્તિ લેવા માગે છે? આના જવાબમાં નાના પાટેકરે કહ્યું કે, તેઓ નિવૃત્તિના વિચારમાં વિશ્વાસ કરતા નથી. તેણે કહ્યું, હું કેવી રીતે નિવૃત્ત થઈ શકું? આપણી આસપાસ ઘણું બધું થઈ રહ્યું છે, આટલું પ્રદૂષણ, આટલું ગૂંગળામણ. સાથે જ અભિનય તેને એક ધ્યેય અને એક અલગ પ્રકારની શાંતિ આપે છે.નાના પાટેકરે કહ્યું કે તેઓ જે રીતે તેમના ભવિષ્યને જુએ છે તે જરા અલગ છે. તેણે કહ્યું કે જો તેની પાસે કામ નહીં હોય તો તે કેવી રીતે જીવશે. તેણે કહ્યું કે કદાચ તેઓ મરી જશે.

## ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં અત્યાર સુધીમાં ૪૪ હજારથી વધુ લોકોના મોત થયા

। દેઇર અલ-બલાહ, તા.૨૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૩ મહિના સુધી ચાલેલા યુદ્ધ દરમિયાન ગાઝા પટ્ટીમાં મૃત્યુઆંક ૪૪,૦૦૦ને વટાવી ગયો છે. પેલેસ્ટાઈનના સ્થાનિક સ્વાસ્થ્ય અધિકારીઓએ ગુરુવારે આ અંગેની માહિતી આપી હતી. ગાઝા આરોગ્ય મંત્રાલય તેની ગણતરીમાં નાગરિકો અને લડવૈયાઓ વચ્ચે ભેદ પાડતું નથી, પરંતુ જણાવ્યું છે કે મૃતકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો હતા. ઈઝરાયેલી સેનાએ કોઈ પુરાવા આપ્યા વિના કહ્યું છે કે તેણે ૧૭,૦૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા છે.અત્યાર સુધીમાં ૪૪,૦૫૬ લોકો માર્યા ગયા છે અને ૧૦૪,૨૬૮ ઘાયલ થયા છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે વાસ્તવિક મૃત્યુઆંક વધારે છે કારણ કે હજારો મૃતદેહો કાટમાળ હેઠળ અથવા એવા વિસ્તારોમાં દટાયેલા છે જ્યાં ડોક્ટરો પહોંચી શકતા નથી. ગાઝામાં સ્થિતિ એવી છે કે લોકોને ભોજન અને પાણી પણ નથી મળી રહ્યું. લાખો લોકો વિસ્થાપિત પણ થયા છે.બંને પક્ષો વચ્ચે યુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે હમાસની આગેવાની હેઠળના આતંકવાદીઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો શરૂ કર્યો.

પ્રેસ સેક્રેટરી કેરેન જીન-પિયરે કહ્યું

## 'અમે અદાણી સામેના લાંચ અને છેતરપિંડીના આરોપોથી વાકેફ'

### પ્રવક્તાને પૂછવામાં આવ્યું કે શું ગૌતમ અદાણી પરના આરોપોથી બંને દેશોના સંબંધોને નુકસાન થશે

। વોશિંગ્ટન,તા.૨૨ ।

વ્હાઈટ હાઉસે ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અને બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી વિરુદ્ધ યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના લાંચ અને છેતરપિંડીના આરોપોને લઈને એક નિવેદન બહાર પાડ્યું છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરેન જીન-પિયરે કહ્યું કે અમે આ આરોપોથી વાકેફ છીએ.પિયરે કહ્યું કે માત્ર યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) અને ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ જ આ આરોપો અંગે વધુ માહિતી આપી શકશે. અદાણી અને તેના સાત સહયોગીઓ વિરુદ્ધ ન્યૂયોર્ક કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. હવે આ મામલે વ્હાઈટ હાઉસનું નિવેદન આવ્યું છે.પ્રવક્તાને પૂછવામાં આવ્યું કે શું ગૌતમ અદાણી પરના આરોપોથી બંને દેશોના સંબંધોને નુકસાન થશે. જવાબમાં, પ્રવક્તાએ કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત પાયા પર ટકી રહ્યા છે. પિયરે વધુમાં કહ્યું કે હું અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો વિશે જે કહેવા માંગુ છું તે એ છે કે અમે માનીએ છીએ કે આ સંબંધો આપણા લોકો વચ્ચેના પરસ્પર સંબંધો અને ઘણા વૈશ્વિક મુદ્દાઓ પર સહકાર પર આધારિત ખૂબ જ મજબૂત પાયા પર ટકી રહ્યા છે. અમને વિશ્વાસ છે કે અમે આ મુદ્દાને તે રીતે ઉકેલીશું. જેમ કે અમે અન્ય ઘણા મુદ્દાઓ ઉકેલ્યા છે.તમને જણાવી દઈએ કે યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ અને બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી વિરુદ્ધ લાંચ અને છેતરપિંડીના આરોપમાં કેસ દાખલ કર્યો છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે

# દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને જલ બોર્ડ પર રૂપિયા ૫૦ કરોડથી વધુનો દંડ ફટકાર્યો

### એમસીડીએ દક્ષિણ દિલ્હીમાં વરસાદી પાણીના ગટરની સ્થિતિ અને કાર્યકારી અસરકારકતા બદલવા માટે તેના અધિકારક્ષેત્રની બહાર કામ કર્યું




। નવીદિલ્હી, તા.૨૨ ।

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન અને દિલ્હી જલ બોર્ડ પર પર્યાવરણીય નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ રૂ. ૫૦ કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે. અદાલતે શોધી કાઢ્યું હતું કે ડીજેબી યમુના નદીમાં વહેતા સ્ટોર્મ વોટર નાળાઓમાં ગટરના પ્રવાહને રોકવામાં નિષ્ફળ રહી હતી. એમસીડીએ દક્ષિણ દિલ્હીમાં વરસાદી પાણીના ગટરની સ્થિતિ અને કાર્યકારી અસરકારકતા બદલવા માટે તેના અધિકારક્ષેત્રની બહાર કામ કર્યું છે.એનજીટીના અધ્યક્ષ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવની ખંડપીઠે કહ્યું કે આ એવો કેસ નથી કે જ્યારે યમુના નદી તરફ જતા નાળાઓમાં ગટરના પ્રવાહને રોકવામાં ડીજેબીની નિષ્ફળતા પહેલીવાર જોવા મળી હોય. અગાઉના આદેશો પરથી સ્પષ્ટ થાય છે કે વારંવાર સૂચનાઓ આપવામાં આવી હતી. સમય આપવામાં આવ્યો, પરંતુ તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. બેન્ચમાં ન્યાયિક સભ્યો જસ્ટિસ અરુણ કુમાર ત્યાગી અને જસ્ટિસ સુધીર અગ્રવાલ અને નિષ્ણાત સભ્ય અફરોઝ અહેમદ પણ સામેલ હતા.ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે આદર્શ રીતે તોફાનનું પાણી તેની ડિઝાઈન કરેલી કુદરતી ડ્રેનેજ સિસ્ટમ અને ગટરના નેટવર્કમાંથી ગટરમાંથી વહેવું જોઈએ. નદીમાં ડમ્પ કરતા પહેલા તેની સારવાર એસટીપીમાં થવી જોઈએ. કોર્ટે કહ્યું કે સ્ટ્રોમ વોટર ડ્રેન્સમાં કાચા ગંદા પાણીથી ગંભીર જળ પ્રદૂષણ થાય છે. ડીજેબી તેના વૈધાનિક કાર્યને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે.ટ્રિબ્યુનલે એમસીડી અને ડીજેબી બંનેને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) ને બે મહિનાની અંદર આશરે રૂ. ૨૫.૨૨ કરોડનું પર્યાવરણીય વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.

## બલૂચિસ્તાનમાં આતંકવાદીઓ વિરુદ્ધ જંગી સૈન્ય ઓપરેશન શરૂ થશે

। ઈસ્લામાબાદ, તા.૨૨ ।

પાકિસ્તાનમાં તાજેતરના સમયમાં આતંકવાદી ઘટનાઓમાં વધારો થયો છે. હવે, આતંકવાદને ડામવા માટે, પાકિસ્તાને દક્ષિણ-પશ્ચિમ પ્રાંત બલૂચિસ્તાનમાં આતંકવાદીઓ વિરુદ્ધ મોટા પાયે ઓપરેશન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય કાર્ય આયોજન માટેની ફેડરલ સર્વોચ્ચ સમિતિ, જે સરકાર હેઠળ કાર્ય કરે છે, તેણે મંગળવારે એક વિશાળ સૈન્ય કાર્યવાહીને મંજૂરી આપી હતી, એમ તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું.સૈન્ય કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય વડા પ્રધાન શેહબાઝ શરીફની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો.

## ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારોએ તખ્તાપલટનું કાવતરું રચ્યું હતું

। બ્રાઝિલિયા, તા.૨૨ ।

બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો, ડઝનેક ભૂતપૂર્વ પ્રધાનો અને વરિષ્ઠ સહાયકો સાથે, ૨૦૨૨ ની ચૂંટણીઓને ઉથલાવી પાડવા માટે બળવાનું કાવતરું ઘડ્યું હતું. બ્રાઝિલની ફેડરલ પોલીસે દેશની સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા ઔપચારિક આરોપમાં આ વાત કહી. બ્રાઝિલની ફેડરલ પોલીસે બળવાના પ્રયાસ અને અન્ય ગુનાઓમાં કથિત સંડોવણી બદલ ૩૭ લોકો પર ઔપચારિક આરોપ મૂક્યા છે.જોકે પોલીસે અનેક નામો ગુપ્ત રાખ્યા છે.અગાઉ અહેવાલ આપ્યો હતો કે પોલીસ ૨૦૨૨ ની રાષ્ટ્રપતિની ચૂંટણી હારી ગયા પછી કથિત બળવાના પ્રયાસની તપાસમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો સામે ઔપચારિક આરોપો દાખલ કરશે. જાન્યુઆરી ૨૦૨૩ માં રાજધાની બ્રાઝિલિયામાં રમખાણો થયા હતા, અને આ બધું રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ સત્તા સંભાળ્યાના એક અઠવાડિયા પછી જ થયું હતું. તે સમયે ઘણા વિરોધીઓએ કહ્યું હતું કે તેઓ લશ્કરી બળવાને વાજબી ઠેરવવા માટે અરાજકતા ઊભી કરવા માગે છે, જે તેઓ માનતા હતા કે નિકટવર્તી છે.

પહાડો પર હિમવર્ષા; દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ સાથે ઠંડી વધી । દિલ્હી-યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી

# ઘણા રાજ્યોમાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી




। નવીદિલ્હી, તા.૨૨ ।

દિલ્હી-યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી છે. આ દિવસોમાં ધુમ્મસની સાથે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે લોકો ધ્રૂજી રહ્યા છે. હવામાન વિભાગે રસ્તાઓ પર સાવધાનીથી ચાલવાની સલાહ આપી છે. હવે કોણીની અસ્તર સવાર-સાંજ જોઈ શકાય છે. આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે.હવામાન વિભાગે પંજાબ, રાજસ્થાન, હરિયાણા, હિમાચલ, દિલ્હી અને યુપીમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. સાથે જ દક્ષિણના રાજ્યો કેરળ અને તમિલનાડુમાં પણ વરસાદની સંભાવના છે.દિલ્હી એનસીઆરમાં કેટલાક દિવસોથી તાપમાનનો પારો નીચે ગયો છે. જો કે, ધુમ્મસમાં ઘટાડો અને ધુમ્મસમાંથી રાહતને કારણે, એર ક્વોલિટી ઈન્ડેક્સ ઘટ્યો હતો. આનાથી પ્રદૂષણના સ્તરમાં સુધારો થયો છે. જેના કારણે લોકોએ ગત દિવસો કરતા સ્વચ્છ હવાનો શ્વાસ લીધો હતો. આખો દિવસ આકાશ પણ સ્વચ્છ રહ્યું હતું. દિવસ દરમિયાન હળવો તડકો રહ્યો હતો. લોકો રાબેતા મુજબ ઐતિહાસિક સ્થળોની આસપાસ ફરતા જોવા મળ્યા હતા અને બાળકો પણ ઘરની બહાર નીકળીને રમતા જોવા મળ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ રહેશે. જે સરેરાશ તાપમાન કરતા ૩ ડિગ્રી ઓછું છે.યુપીના ઘણા જિલ્લાઓ ધુમ્મસની લપેટમાં છે અને હવામાન વિભાગે આજે પણ ઠંડા પવન અને ધુમ્મસની આગાહી કરી છે. વાહન ચેક કર્યા પછી જ ઘરની બહાર નીકળવાની સલાહ આપવામાં આવી છે. કારણ કે યુપીના અલીગઢમાં ધુમ્મસના કારણે યમુના એક્સપ્રેસ વે પર અનેક વાહનો અથડાયા હતા. રાજસ્થાનમાં શિયાળાએ ધીમે ધીમે તેની અસર બતાવવાનું શરૂ કર્યું છે જ્યાં ગઈકાલે રાત્રે ફતેહપુરમાં લઘુત્તમ તાપમાન ૬.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગે તામિલનાડુ અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે.

બેન્જામિન નેતન્યાહુ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાત્ઝ સાથે મુલાકાત કરી

યુદ્ધવિરામ વાટાઘાટોને આગળ વધારવા માટે ઇરાન સમર્થિત હિઝબોલ્લાહ જૂથ સામે કાર્યવાહી વધારવા માટે ઇઝરાયેલ પર યુએસ મધ્યસ્થી દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે

# લેબનોન ઉપર વધુ એક વિનાશક ઇઝરાયેલ હુમલો । ૪૭ લોકો માર્યા ગયા



। બેરૂત, તા.૨૨ ।

ઈઝરાયેલે પૂર્વી લેબનોનમાં વધુ એક મોટો હુમલો કર્યો છે. હુમલામાં ઓછામાં ઓછા ૪૭ લોકો માર્યા ગયા હતા. લેબનીઝ અધિકારીએ જણાવ્યું હતું કે, યુદ્ધવિરામ વાટાઘાટોને આગળ વધારવા માટે ઈરાન સમર્થિત હિઝબોલ્લાહ જૂથ સામે કાર્યવાહી વધારવા માટે ઈઝરાયેલ પર યુએસ મધ્યસ્થી દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન, યુએસ મધ્યસ્થી એમોસ હોચસ્ટીને ગયા મંગળવારે તેમની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે યુદ્ધવિરામ "અમારી મુઠ્ઠીમાં" છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાત્ઝ સાથે મુલાકાત કરી. પરંતુ તેમના તરફથી તાત્કાલિક કોઈ નિવેદન આવ્યું નથી. આનાથી સ્પષ્ટ થાય છે કે યુદ્ધવિરામ વાટાઘાટો માટે હજુ પણ ખામીઓ દૂર કરવાની બાકી છે. એક વરિષ્ઠ લેબનીઝ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું કે બેરૂતે દક્ષિણ લેબેનોનમાંથી ઈઝરાયેલી દળોની વહેલી પાછી ખેંચી સુનિશ્ચિત કરવા સહિત યુએસ યુદ્ધવિરામ પ્રસ્તાવમાં ફેરફારની માંગ કરી છે. મુત્સદ્દીગીરી એ ઈઝરાયેલ અને ભારે સશસ્ત્ર, ઈરાન સમર્થિત હિઝબોલ્લાહ વચ્ચેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે હજુ સુધીના સૌથી ગંભીર પ્રયાસને ચિહ્નિત કરે છે, જે ગાઝા યુદ્ધના પ્રાદેશિક સ્પીલોવરનો એક ભાગ છે જે એક વર્ષ કરતાં વધુ પહેલાં શરૂ થયો હતો.ઈઝરાયેલે લેબનોન અને સીરિયાની સરહદે આવેલા વિસ્તારો પર તાજેતરનો હુમલો કર્યો છે. લેબનોનના બાલબેક-હરમેલ પ્રાંતના ગવર્નર બાચિર ખોદરે જણાવ્યું હતું કે બાલબેક વિસ્તારમાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૭ લોકો માર્યા ગયા હતા.

## કડીમાં હવામાં ફાયરિંગ કરનારા ૨ સામે ગુનો નોંધાયો

। મહેસાણા, તા.૨૨ ।

કડી તાલુકાના ખેરપુર ગામમાં ગત ગુરુવારે રાત્રે જોગણી માતાજી સંસ્થાન દ્વારા આયોજીત લોકડાયરા દરમિયાન હવામાં બંદૂકથી ફાયરિંગ કરી તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર ગામ જ બે શખ્સો સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મહેસાણા જિલ્લાના કડીના ખેરપુર ગામમાં જોગણી માતાજી મંદિર સંસ્થાન તથા સમસ્ત ખેરપુર ગ્રામજનો દ્વારા ગત ૭મી નવેમ્બરના રોજ જોગણી માતાજી ફોટો પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયુ હતું. લોકડાયરા દરમિયાન ગામના જ મોતીભાઈ ગાંડાભાઈ રબારી તેમજ ભગાજી ભુરાજી ઠાકોર (વાઘેલા)એ બંદૂકથી વારાફરતી હવામાં ફાયરિંગ કરતા કરી બેદરકારીભર્યું કૃત્ય કર્યું હતું. એટલું જ નહીં ઉપરોક્ત ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી.

### ચિંતન શિબિર-૨૦૨૪ બીજો દિવસે

# સોમનાથ ખાતે સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજાયું

**નરેન્દ્ર મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે**

। માહિતી બ્યુરો, સોમનાથ, તા.૨૨ ।

સોમનાથ ખાતે આયોજિત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે 'સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નોલોજી'ના ઉપયોગ તથા 'એ.આઈ. અને ડેટા એનાલિટિક્સ' વિષય પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજવામાં આવ્યું હતું.એનવીડિયાના ડાયરેક્ટર જીગર હાલાણીએ સરકારની જન કલ્યાણકારી સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં એ.આઈ. ટેકનોલોજીના ઉપયોગ અંગે વિશદ જાણકારી આપી હતી.જીગર હાલાણીએ



ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવા માટે હાલ થઈ રહેલી કામગીરી અંગે છણાવટ કરી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે છે અને ન્યાયાલયોમાં પણ એ.આઈ.નો અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારના લોકહિતકારી અભિયાનોને વધુ અસરકારક બનાવવા તથા પ્રજાહિતલક્ષી સેવાઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે એ.આઈ. ટેક્નોલોજીને માધ્યમ બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી આવી યોજનાઓનો લાભ કઈ રીતે સરળતાથી પહોંચાડી શકાય તે બાબતે તેમણે પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. ગુજરાતની સંસ્કૃતિ, સભ્યતા અને કળાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, તે સંદર્ભમાં આ સંસ્કૃતિની સાથે વણાયેલી સ્થાનિક કળાઓને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરીને સ્થાનિક કસબી – કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે એ.આઈ.નો વ્યાપક ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગે પણ તેમણે વિસ્તૃત વિવરણ રજુ કર્યું હતું.

**પીએમજેએવાય કૌભાંડમાં સંડોવાયેલી દરેક હોસ્પિટલો સામે કાર્યવાહી**

**ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં હવે તેના ડાયરેક્ટરો આરોપી બન્યા બાદ અને તેની સામેનો કેસ ક્રાઇમ બ્રાન્ચે હાથમાં લીધા પછી તપાસનો ધમધમાટ શરૂ થયો છે**

# ખ્યાતિ હોસ્પિટલની કૌભાંડની તપાસમાં ક્રાઇમ બ્રાન્ચનો ધમધમાટ, આરોપીઓનાં બેંક ખાતા ફ્રીઝ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૨ ।

ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં હવે તેના ડાયરેક્ટરો આરોપી બન્યા બાદ અને તેની સામેનો કેસ ક્રાઈમ બ્રાન્ચે હાથમાં લીધા પછી તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ કાંડ ગાજવાના પગલે સરકાર પર ખ્યાતિ હોસ્પિટલ જ નહીં પીએમજેએવાય કૌભાંડમાં સંડોવાયેલી દરેક હોસ્પિટલો સામે કાર્યવાહી કરવાનું દબાણ વધ્યું છે.આ કાર્યવાહીના ભાગરૂપે ગુરૂવારે ક્રાઈમ બ્રાન્ચે હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલના સિંધુ ભવન સ્થિત અભિશ્રી રેસિડેન્સીના ઘરનો દરવાજો તોડી ઘરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસને અનેક શંકાસ્પદ દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને દારૂની બોટલો મળી આવી હતી. આગામી દિવસોમાં અન્ય ફરાર આરોપીઓના ઘરે પણ સર્ચ કરવામાં આવશે.બીજી તરફ પોલીસે ખ્યાતિ હોસ્પિટલ અને અન્ય ૨૦થી વધુ આરોપીઓના પાંચ બેંક ખાતા ફ્રીઝ કરીને નાણાકીય વ્યવહારોની તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસ વ્યાપક બની રહી છે. એકથી વધુ માસ્ટર માઈન્ડસે આ કૌભાંડ આચર્યું હતું. પોલીસે હાર્ડ ડિસ્ક, પેન ડ્રાઈવ વગેરે કબજે કર્યા છે.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK